SSC / HSC

પત્રક્રમાંક:-મઉમશબ/SSC/ખાનગી//2020/4559
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
માધ્યમિક વિભાગ,
સેકટર-૧૦-બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.23/10/2020

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,તમામ
ગુજરાત રાજ્ય.

વિષય:-ઓક્ટોબર માસમાં ધો.9 થી ધો.12 ના વિદ્યાર્થીઓ માટે ચોથી એકમ કસોટીના આયોજનમાં ફેરફાર બાબત.

સંદર્ભ:-

1) અત્રેની કચેરીના મઉમશબ/SSC/ખાનગી/4558/2020 તા.13/10/2020પત્ર અન્વયે.
2) અત્રેની કચેરીના મઉમશબ/સંશોધન/2020/3173 -3218 તા.20/10/2020 પત્ર અન્વયે.

શ્રીમાન,

જય ભારત સહ વિષય અન્વયે સંદર્ભદર્શિત પત્ર 1 અને 2 અન્વયે જણાવવાનુ કે, 27 અને 28 ઓક્ટોબર 2020 ના રોજ ચોથી એકમ કસોટી યોજવાની થાય છે, જેના પ્રશ્નપત્રો આજરોજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના આધિકારીક મેઇલ એડ્રેસ પર મોકલી આપવામાં આવશે. સંદર્ભિત પત્ર -1 થી એકમ કસોટીની લખાયેલ નોટબુક વિદ્યાર્થીઓ પાસેથી પરત લેવા બાબતે તા. 05/11/2020 નો ઉલ્લેખ કરવામાં આવેલ..

સંદર્ભદર્શિત પત્ર-2 થી તા: 29/10/2020 થી 18/11/2020 સુધી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં દિવાળી વેકેશન જાહેર થયેલ છે. આ બાબતને ધ્યાને લેતા ચોથી એકમ કસોટીના પ્રશ્નપત્રો વિદ્યાર્થી સુધી પહોંચાડવા માટે સંદર્ભિત પત્ર-1 માં જણાવેલ વિગતો યથાવત રહે છે. જ્યારે વિદ્યાર્થી દ્વારા એકમ કસોટીના લખેલા ઉત્તરોની નોટબુક જમા કરાવવા માટે તા. 05/11/2020ને બદલે તા.19/11/2020થી 23/11/2020 સુધીમાં શાળા કક્ષાએ શાળા સમય દરમિયાન કોવિડ-19 ની ગાઇડલાઇન ધ્યાને લઇ વધુ વિદ્યાર્થી એકઠા ન થાય તેવુ આયોજન કરી એકમ

કસોટીની વિદ્યાર્થી દ્વારા લખાયેલ નોટબુક શાળા કક્ષાએ જમા કરાવવાની જાણ આપના તાબાન
માધ્યમિક શાળાના આચાર્યશ્રીને કરવા જણાવવામાં આવે છે.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>બિડાણ :-</u>

1) ધોરણ 9 થી 12ના ચોથી એકમ કસોટી માટેના પ્રશ્નપત્રો PDF File સ્વરૂપે.

<u>સવિનય નકલ રવાના:-</u>

1) માનનીય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
3) માનનીય નિયામકશ્રી શાળાઓની કચેરી, જીવરાજ મહેતા ભવન,જૂના સચિવાલય, ગાંધીનગર.
4) માનનીય નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ,જીવરાજ મહેતા ભવન,જૂના સચિવાલય, ગાંધીનગર.
5) માનનીય નિયામકશ્રી જીસીઇઆરટી, સેક્ટર-૧૨,ગાંધીનગર.
6) માનનીય અધ્યક્ષશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડ,સેક્ટર-૨૧, ગાંધીનગર.
7) માનનીય સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
8) માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી,ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
9) માનનીય સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગ

15 YEARS OF CELEBRATING THE MAHATMA

## જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અમદાવાદ શહેર

બ્લોક- એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, સરકારી વસાહત રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ- ૩૮૦૦૫૨

ક્રમાંક:જિશિઅ/મકમ/૨૦૨૦-૨૧/૨૦૯૬ તારીખ:૨૩/૧૧/૨૦૨૦

પ્રતિ,
પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ
સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ,
અમદાવાદ શહેર.

ઉપરોક્ત પરિપત્ર વંચાણે લઇ અમલ કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ શહેર

નકલ રવાના જાણ તથા અમલ સારું
-શિક્ષણ નિરીક્ષકશ્રી/મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી, તમામ સદર કચેરી.